ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણ વર્મા

# કચ્છ યુનિવર્સિટી

મુન્દ્રા રોડ, ભૂજ-કચ્છ. ૩૭૦ ૦૦૧. ફોન નં. (૦૨૮૩૨)૨૩૫૦૦૧, ૨૯૩૯૧૧

ઈમેઈલ-registrar.kskvku@gmail.com વેબ-kskvku.digitaluniversity.ac

ક.યુ./ઈ.સી./કા.નો/૦૫મી મે/૨૦૨૨/ ૫૪૯ તા:૧૬/૦૫/૨૦૨૨

પ્રતિ,
તમામ એક્ઝિક્યુટીવ કાઉન્સીલના સભ્યશ્રીઓ,
કે.એસ.કે.વી. કચ્છ યુનિવર્સિટી,
ભુજ-કચ્છ.

**વિષય :** તા.૦૭/૦૫/૨૦૨૨ રોજની એક્ઝિક્યુટીવ કાઉન્સીલની યોજાયેલ સભાની કાર્યવાહી નોંધ મોકલવા બાબત.

શ્રીમાન,

જય ભારત સહ ઉપરોકત વિષયે જણાવવાનું કે, માનનીય કુલપતિશ્રીનાં અધ્યક્ષ સ્થાને તા:૦૭/૦૫/૨૦૨૨ના રોજ કચ્છ યુનિવર્સિટી કાર્યાલય ખાતે મળેલ એક્ઝિક્યુટીવ કાઉન્સીલની સભાની કાર્યવાહી નોંધ આ સાથે સામેલ રાખી મોકલી આપવામાં આવે છે. જે આપશ્રીને જાણ થવા વિનંતી.

આભાર સહ.

બિડાણઃ- કાર્યવાહી નોંધની નકલ.

કુલસચિવ
કચ્છ યુનિવર્સિટી

નકલ સવિનય રવાનાઃ- માનનીય કુલપતિશ્રીના કાર્યાલય તરફ.

ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણવર્મા
# કચ્છ યુનિવર્સિટી
મુન્દ્રા રોડ, ભુજ– કચ્છ. ફોન નં. : ૦૨૮૩૨ – ૨૩૫૦૦૨
Email :- registrar.kskvku@gmail.com Web: http://kskvku.digitaluniversity.ac

**તા.૦૭/૦૫/૨૦૨૨ને શનિવારના રોજ સવારે ૧૧:૦૦ કલાકે કચ્છ યુનિવર્સિટી કાર્યાલય ખાતે મળેલ એક્ઝિક્યુટીવ કાઉન્સિલના સભ્યશ્રીઓની મિનિટસ નોંધ.**

આજ રોજ તા. ૦૭/૦૫/૨૦૨૨ને શનિવારના રોજ સવારે ૧૧:૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલય ખાતે એક્ઝિક્યુટીવ કાઉન્સીલની સભા માનનીય કુલપતિશ્રીના અધ્યક્ષ સ્થાને યોજાયેલ, આ સભામાં નીચે મુજબના સભ્યશ્રીઓ હાજર રહેલ હતાં. અધ્યક્ષશ્રી દ્વારા સૌ સભ્યશ્રીઓના આવકાર બાદ આગળની કાર્યવાહીની શરૂઆત કરવામાં આવી.

| સભ્યશ્રીનું નામ | હોદ્દો | હાજર/ ગેરહાજર |
|---|---|---|
| પ્રો.(ડો.) જયરાજસિંહ.ડી.જાડેજા<br>માન. કુલપતિશ્રી,<br>કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી, ભુજ–કચ્છ. | અધ્યક્ષશ્રી | હાજર |
| ડાયરેક્ટર ઓફ હાયર એજ્યુકેશન,<br>ગુજરાત રાજ્ય, ગાંધીનગર. | સભ્યશ્રી | ગેરહાજર |
| ડાયરેક્ટર ઓફ ટેકનિકલ એજ્યુકેશન,<br>ગુજરાત રાજ્ય, ગાંધીનગર. | સભ્યશ્રી | ગેરહાજર |
| ડાયરેક્ટર ઓફ હેલ્થ એન્ડ મેડિકલ સર્વિસ એન્ડ મેડિકલ એજ્યુકેશન, ગુજરાત રાજ્ય, ગાંધીનગર. | સભ્યશ્રી | ગેરહાજર |
| પ્રો.(ડો.) પી.એસ.હિરાણી<br>ડીનશ્રી, વાણિજ્ય વિદ્યાશાખા,<br>કે.એસ.કે.વી. કચ્છ યુનિવર્સિટી, ભુજ–કચ્છ. | સભ્યશ્રી | હાજર |
| ડો.કાશ્મીરા પી.મહેતા<br>ડીનશ્રી, વિનયન વિદ્યાશાખા,<br>કે.એસ.કે.વી. કચ્છ યુનિવર્સિટી, ભુજ–કચ્છ. | સભ્યશ્રી | હાજર |
| ડો. મનીષ પંડ્યા<br>સલંગ્ન કોલેજના આચાર્યશ્રી,<br>તોલાણી કોમર્સ કોલેજ , આદિપુર–કચ્છ.. | સભ્યશ્રી | હાજર |
| ડો. પરેશ રાવલ<br>સલંગ્ન કોલેજના આચાર્યશ્રી,<br>સરકારી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, રાપર–કચ્છ. | સભ્યશ્રી | હાજર |
| પ્રો.(ડો.) વિજય વ્યાસ<br>પ્રોફેસર, કોમર્સ એન્ડ મેનેજમેન્ટ વિભાગ,<br>કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી, ભુજ–કચ્છ. | સભ્યશ્રી | હાજર |
| ડો. આર.વી.બસીયા<br>એસોસીયેટ પ્રોફેસર, અંગ્રેજી ભવન,<br>કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી, ભુજ–કચ્છ. | સભ્યશ્રી | હાજર |

| | | |
|---|---|---|
| ખાલી<br>માનનીય કુલાધિપતિશ્રીના પ્રતિનિધિશ્રી, | સભ્યશ્રી | – |
| ખાલી<br>માનનીય કુલાધિપતિશ્રીના પ્રતિનિધિશ્રી, | સભ્યશ્રી | – |
| ડો. જી.એમ.બુટાણી<br>કુલસચિવશ્રી,<br>કે.એસ.કે.વી. કચ્છ યુનિવર્સિટી, ભુજ–કચ્છ. | સેક્રેટરીશ્રી | હાજર |

કાર્યસુચિ :–

૧. ગત તા.૩૧/૧૨/૨૦૨૧ના રોજની એક્ઝિક્યુટીવ કાઉન્સિલની મિનિટ્સનું વાંચન અને બહાલી બાબત.

**ઠરાવ નં.૧ ગત તા.૩૧/૧૨/૨૦૨૧ના રોજની એક્ઝિક્યુટીવ કાઉન્સિલની મિનિટ્સનું વાંચન વાંચન અને બહાલી બાબત અન્વયે નીચે મુજબના નિર્ણય કરવામાં આવ્યા.**

| | |
|---|---|
| મુદ્દા નં.૫ | આંતર યુનિવર્સિટી કર્મચારી રમત ગમત સ્પર્ધાના ખર્ચ અન્વયે વધારાનો કોઇ ખર્ચ નથી. |
| મુદ્દા નં.૧૭ | અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ (ઉચ્ચ સંવર્ગ–કચ્છ વિસ્તાર)ના આવેદનપત્રની રજૂઆત આવેલ છે કે, લાલન કોલેજમાં થયેલ હુમલામાં વિદ્યાર્થીની સજામાં વધારો કરવા બાબતે રજીસ્ટ્રારની ભલામણ બહાલ કરવામાં આવે છે. |
| મુદ્દા નં.૧૮ | યુનિવર્સિટીના સ્વભંડોળના બજેટની સમીક્ષા અને મંજૂરી અન્વયે સદર મુદ્દે રજીસ્ટ્રારશ્રીને વધારે સમય આપવામાં આવે છે |
| મુદ્દા નં.૩૧ | યુનિવર્સિટી તથા સંલગ્ન કોલેજોના અધ્યાપકશ્રીઓને મળેલ પીએચ.ડી. માર્ગદર્શક તરીકેની માન્યતાને બહાલી આપવા અન્વયે પીએચ.ડી.પરીક્ષા અંગે સરકારશ્રીના નિર્ણય બાદ પ્રક્રિયા કરવાનું ઠરાવવામાં આવ્યું. |

**ઉપરોક્ત મુદ્દાઓ સિવાય તમામ મુદ્દાને બહાલ રાખવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

૨. તા.૦૪/૦૨/૨૦૨૨ અને તા.૧૧/૦૪/૨૦૨૨ના રોજ યોજાયેલ ખરીદ સમિતિની મીટીંગની મિનિટ્સની બહાલી અંગે.

**ઠરાવ નં.૨ તા.૦૪/૦૨/૨૦૨૨ અને તા.૧૧/૦૪/૨૦૨૨ના રોજ યોજાયેલ ખરીદ સમિતિની મીટીંગની મિનિટ્સની બહાલ રાખવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

૩. તા.૨૫/૦૧/૨૦૨૨ અને તા.૩૦/૦૩/૨૦૨૨ના રોજ યોજાયેલ બિલ્ડીંગ સમિતિની મીટીંગની મિનિટ્સની બહાલી અંગે.

**ઠરાવ નં.૩.તા.૨૫/૦૧/૨૦૨૨ અને તા.૩૦/૦૩/૨૦૨૨ના રોજ યોજાયેલ બિલ્ડીંગ સમિતિની મીટીંગની મિનિટ્સની બહાલ રાખવા ઠરાવવામાં આવ્યું.**

Krantiguru Shyamji Krishna Verma Kachchh University
BHUJ - Kachchh
370001

૪. તોલાણી કોલેજ ઓફ આર્ટસ એન્ડ સાયન્સ–આદીપુર ખાતે એમ.એસસી.માઇક્રો બાયોલોજી અભ્યાસક્રમની મંજૂરી બાબત.

**ઠરાવ નં.૪ તોલાણી કોલેજ ઓફ આર્ટસ એન્ડ સાયન્સ ખાતે એમ.એસસી.માઇક્રો બાયોલોજી અભ્યાસક્રમની મંજૂરી આપવામાં આવે છે અને ફી માટેની મંજૂરી ફી કમિટી પાસેથી મેળવવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

૫. શેઠ એસ.વી.આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ–માંડવી ખાતે પી.જી.સેન્ટરમાં મનોવિજ્ઞાન વિષયનો અભ્યાસક્રમ શરૂ કરવા અંગે.

**ઠરાવ નં.૫ શેઠ એસ.વી.આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ–માંડવી ખાતે પી.જી.સેન્ટરમાં મનોવિજ્ઞાન વિષયના અભ્યાસક્રમ શરૂ કરવા અન્વયે નામંજૂર કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

૬. યુનિવર્સિટી ખાતે માસ્ટર ઓફ કોમ્પ્યુટર એપ્લીકેશન (એમ.સી.એ.) અને એલ.એલ.એમ. કોર્ષ શરૂ કરવા અંગે.

**ઠરાવ નં. ૬ યુનિવર્સિટી ખાતે માસ્ટર ઓફ કોમ્પ્યુટર એપ્લીકેશન (એમ.સી.એ.)ની દરખાસ્ત ગ્રાન્ટ ઇન એડ માટે સરકારશ્રીમાં કરવી તથા એલ.એલ.એમ.નો કોર્ષ સ્વનિર્ભરતાના ધોરણે મંજૂર કરવામાં આવે છે અને ફી માટેની મંજૂરી ફી કમિટી પાસેથી મેળવવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

૭. વર્ષ:૨૦૨૩–૨૪માં નવા વિષય, નવા વર્ગ અને નવા જોડાણ અંગે નીડ કમિટીની રચના કરવા અંગે.

**ઠરાવ નં.૭ વર્ષ: ૨૦૨૩–૨૪માં નવા વિષય, નવા વર્ગ અને નવા જોડાણ અંગે નીડ કમિટીની રચના કરવાની સત્તા માન.કુલપતિશ્રીને સોંપવામાં સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

૮. વર્ષ:૨૦૨૩–૨૪માં ચાલુ/વધારાના/નવા જોડાણની એલ.આઇ.સી. કરવા અંગે.

**ઠરાવ નં.૮ વર્ષ:૨૦૨૩–૨૪માં ચાલુ/વધારાના/નવા જોડાણની એલ.આઇ.સી. કરવા અન્વયે કમિટીની રચના કરવાની સત્તા માન.કુલપતિશ્રીને સોંપવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

૯. વર્ષ:૨૦૨૩–૨૪માં ચાલુ/વધારાના/નવા જોડાણ જાહેરનામા સરકારશ્રીમાંથી મેળવવા દરખાસ્ત કરવા અંગે.

**ઠરાવ નં.૯ વર્ષ:૨૦૨૩–૨૪માં ચાલુ/વધારાના/નવા જોડાણ જાહેરનામા સરકારશ્રીમાંથી મેળવવા દરખાસ્ત કરવા અન્વયે દરખાસ્ત કરવાની મંજૂરી સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

૧૦. સ્વનિર્ભર કોલેજો માટે Fees Regulatory Committeeની રચના કરવા અંગે.

**ઠરાવ નં.૧૦ સ્વનિર્ભર કોલેજો માટે Fees Regulatory Committeeની રચના કરવાની સત્તા માન.કુલપતિશ્રીને સોંપવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

Krantiguru Shyamji Krishna Verma Kachchh University BHUJ-Kachchh 370001

૧૧. ૧૦૦ વિદ્યાર્થીઓથી ઓછી સંખ્યા ધરાવતી કોલેજને પરીક્ષા સેન્ટર ફાળવવા બાબત.

**ઠરાવ નં.૧૧** **૧૦૦ વિદ્યાર્થીઓથી ઓછી સંખ્યા ધરાવતી કોલેજને પરીક્ષા સેન્ટર ફાળવવા અનુસંધાને નામંજૂર કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

૧૨. આઝાદી કા અમૃત મહોત્સવ પર યુવા સંકલ્પ– શ્રેષ્ઠ ભારત કે પંચ પ્રકલ્પ યોજના હેઠળ પંચ પ્રકલ્પના કામ માટે અંદાજીત રૂા.૨,૧૭,૦૦૦/–ની રકમ મંજૂર કરવા અંગે.

**ઠરાવ નં.૧૨** **આઝાદી કા અમૃત મહોત્સવ પર યુવા સંકલ્પ– શ્રેષ્ઠ ભારત કે પંચ પ્રકલ્પ યોજના હેઠળ પંચ પ્રકલ્પના કામ માટે અંદાજીત રૂા.૨,૧૭,૦૦૦/–ની રકમ મંજૂર કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

૧૩. યુનિવર્સિટી બોયઝ મેસ તથા કેમ્પસમાં પડી રહેલ બિન ઉપયોગી માલ સામાન ઇ–વેસ્ટ (કોમ્પ્યુટર, ઝેરોક્ષ, પ્રિન્ટર, ઇલેકટ્રીક સામાન, લોખંડ, એલ્યુમિનિયમ, ખુરશી વગેરે) નિયમાનુસાર પ્રક્રિયા કરી નિકાલ કરવા અંગે.

**ઠરાવ નં.૧૩ યુનિવર્સિટી બોયઝ મેસ તથા કેમ્પસમાં પડી રહેલ બિન ઉપયોગી માલ સામાન ઇ–વેસ્ટ (કોમ્પ્યુટર, ઝેરોક્ષ, પ્રિન્ટર, ઇલેકટ્રીક સામાન, લોખંડ, એલ્યુમિનિયમ ખુરશી વગેરે) સરકારશ્રીના નિયમાનુસાર પ્રક્રિયા કરી નિકાલ કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

૧૪. યુનિવર્સિટીની જમીન માપણી અંગે ચર્ચા વિચારણા કરવા અંગે.

**ઠરાવ નં.૧૪ યુનિવર્સિટીની જમીન માપણી અંગે ચર્ચા વિચારણા કરવા અન્વયે સરકારશ્રીમાં અરજી કરીને માપણી કરાવવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

૧૫. યુનિવર્સિટીની જુદી જુદી કમિટીઓની રચના અનુસંધાને એકિઝકયુટીવ કાઉન્સીલ દ્વારા સભ્યશ્રીઓની નિમણૂંક કરવા અંગે.

| ક્રમ નં. | સમિતિનું નામ | વિગત |
|---|---|---|
| ૦૧ | Board of extra-mural studies | Statute- 90.1(iv)<br>Five other members nominated by the Executive Council<br>Not less than two of whom shall be from the Academic Council |
| | | Statute- 91.1(iv)<br>A Principal of an affiliated colleges nominated by E.C. from amongst its own members |
| ૦૨ | Board of Hostel Management | Statute- 91.1(iv)<br>A Principal of an affiliated colleges nominated by E.C. from amongst its own members |
| | | Statute- 91.1(v)<br>Two Principals of affiliated colleges having hostels, to be nominated by the Executive Council |
| ૦૩ | | Statute- 92.1(viii)<br>One member nominated by the Executive Council from amongst its members |

Krantiguru Shyamji Krishna Verma Kachchh University Bhuj - Kachchh 370001

| | | |
|---|---|---|
| | Board of Students' welfare | Statute- 92.1(ix)<br>One Head of a University Department and one Principal of an affiliated college to be nominated by the Executive Council |
| ૦૪ | Library Committee | Statute- 122.1 (1) (v)<br>Three members to be nominated by the Executive Council |

**ઠરાવ નં.૧૫** યુનિવર્સિટીની જુદી જુદી કમિટીઓની રચના અનુસંધાને એક્ઝિક્યુટીવ કાઉન્સીલ દ્વારા સભ્યશ્રીઓની નિમણૂંક કરવા અંગે વધુ વિગતોની જરૂર હોય આગામી એક્ઝિક્યુટીવ કાઉન્સીલની સભામાં મુકવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

૧૬. યુનિવર્સિટીના અર્થશાસ્ત્ર, ગુજરાતી અને અંગ્રેજી વિષયમાં રાજીનામાંથી તથા અર્થ એન્ડ અન્વયારમેન્ટ સાયન્સ વિષયમાં વય મર્યાદાથી નિવૃત્તીના કારણે ખાલી પડેલ ૦૪ શૈક્ષણિક સ્ટાફની જગ્યાઓની ભરતી અંગે.

**ઠરાવ નં.૧૬** યુનિવર્સિટીના અર્થશાસ્ત્ર, ગુજરાતી અને અંગ્રેજી વિષયમાં રાજીનામાથી તથા અર્થ એન્ડ અન્વયારમેન્ટ સાયન્સ વિષયમાં વય મર્યાદાથી નિવૃત્તીના કારણે ખાલી પડેલ ૦૪ શૈક્ષણિક સ્ટાફની જગ્યાઓની ભરતી માટે સરકારશ્રીના નિયમાનુસાર ભરતીની પ્રક્રિયા કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

૧૭. શ્રી કર્ણિક ભટ્ટના ગ્રેચ્યુઇટી ચૂકવણાના કેસની ચર્ચા અંગે.

**ઠરાવ નં.૧૭** શ્રી કર્ણિક ભટ્ટના ગ્રેચ્યુઇટી ચૂકવણાના કેસની ચર્ચાના અંતે સદર કેસ ઉપલી કોર્ટમાં પડકારવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

૧૮. યુનિવર્સિટીની હોસ્ટેલના રેકટર તથા સ્પોર્ટસ ડાયરેકટરના માનદ્ વેતન અંગે.

**ઠરાવ નં.૧૮** યુનિવર્સિટીની હોસ્ટેલના રેકટર તથા સ્પોર્ટસ ડાયરેકટરના માનદ્ વેતન રૂ.૩,૦૦૦/- કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

૧૯. યુનિવર્સિટીના સ્વનિર્ભર અભ્યાસક્રમોમાં ફરજ બજાવતા અધ્યાપકશ્રીઓની પગાર વધારાની રજૂઆત અંગે.

**ઠરાવ નં.૧૯** યુનિવર્સિટીના સ્વનિર્ભર અભ્યાસક્રમોમાં ફરજ બજાવતા અધ્યાપકશ્રીઓની પગાર વધારાની રજૂઆત અન્વયે તા.૩૧/૧૨/૨૦૨૧ની એક્ઝિક્યુટીવ કાઉન્સીલમાં ઠરાવ થયેલ હોય પુનઃઠરાવની જરૂર રહેતી નથી તેવું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

૨૦. યુનિવર્સિટીના બિન શૈક્ષણિક કર્મચારીઓની પુરા પગારની માંગણી સ્વીકારવા અંગેની રજૂઆત અંગે.

**ઠરાવ નં.૨૦** યુનિવર્સિટીના બિન શૈક્ષણિક કર્મચારીઓની પુરા પગારની માંગણી સ્વીકારવા અંગેની રજૂઆત અન્વયે સરકારશ્રીના તા.૦૩/૧૧/૨૦૨૧ના પત્રના આધારે રજીસ્ટ્રારશ્રીને શિક્ષણ વિભાગમાં પગાર વધારાની રજૂઆત કરવાની આથી સત્તા આપવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

Krantiguru Shyamji Krishna Verma Kachchh University BHUJ-Kachchh

૨૧. યુનિવર્સિટી દ્વારા સ્થાપિત રિસર્ચ અને ટ્રેનિંગ સેન્ટર માટે ભવન નિર્માણ હેતુ જમીન ફાળવવા બાબત.

ઠરાવ નં.૨૧ યુનિવર્સિટી દ્વારા સ્થાપિત રિસર્ચ અને ટ્રેનિંગ સેન્ટર માટે ભવન નિર્માણ હેતુ જમીન ફાળવવા અન્વયે જરૂરી ભંડોળ મળ્યે જગ્યાની પસંદગીની સત્તા માન.કુલપતિશ્રીને સોંપવામાં આવે છે અને જમીન અને મિલકતની માલિકી યુનિવર્સિટીની રહેશે તેવું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

અધ્યક્ષસ્થાને રજૂ થયેલ મુદ્દાઓ.

૨૨. પરીક્ષામાં ગેરશિસ્તના અહેવાલ અંગે.

ઠરાવ નં.૨૨ પરીક્ષામાં ગેરશિસ્તના અહેવાલ સર્વાનુમતે મંજૂર કરવા ઠરાવવામાં આવ્યું.

૨૩. પરીક્ષાના કોપીકેસના જાહેરનામા અંગે.

ઠરાવ નં.૨૩ પરીક્ષાના કોપીકેસના જાહેરનામા કયુ/જાહેરનામા/કોપીકેસ/ઓગસ્ટ/૨૦૨૧/૧૦૦૯૮, તા.૨૨/૧૨/૨૦૨૧ તથા કયુ/જાહેરનામા/કોપીકેસ/ફેબ્રુઆરી/૨૦૨૨/૧૦૮૮૦, તા.૨૬/૦૪/૨૦૨૨ને સર્વાનુમતે બહાલ રાખવા ઠરાવવામાં આવ્યું.

૨૪. પી.જી.વી.સી.એલ.ની દરખાસ્ત અંગે.

ઠરાવ નં.૨૪ પી.જી.વી.સી.એલ.ની દરખાસ્ત સર્વાનુમતે નામંજૂર કરવા ઠરાવવામાં આવ્યું.

૨૫. પી.જી.ડિપાર્ટમેન્ટ અને કોલેજ સેન્ટરમાં અધ્યાપકોની ભરતીના નામાભિધાન અંગે.

ઠરાવ નં.૨૫ પી.જી.ડિપાર્ટમેન્ટ અને કોલેજ સેન્ટરમાં અધ્યાપકોની ભરતીના નામાભિધાન અન્વયે ૧૧ માસની કરાર આધારીત ભરતીમાં હવે પછીની ભરતીમાં અધ્યાપક સહાયકના નામાભિધાનથી કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

૨૬. સમરસ હોસ્ટેલનો વહીવટ યુનિવર્સિટી હસ્તક લેવાની દરખાસ્ત કરવા અંગે.

ઠરાવ નં.૨૬ સમરસ હોસ્ટેલનો વહીવટ યુનિવર્સિટી હસ્તક લેવાની દરખાસ્ત કરવા અંગે સરકારશ્રીમાં કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

અન્ય કોઇ મુદ્દો ઉપસ્થિત ન થતાં અધ્યક્ષશ્રીના આભાર સાથે સભા પૂર્ણ જાહેર કરવામાં આવી.

કુલસચિવ

કુલસચિવ
કચ્છ યુનિવર્સિટી
ભુજ

નકલ સવિનય માન.કુલપતિશ્રીના કાર્યાલય તરફ.

Krantiguru Shyamji Krishna Verma Kachchh University BHUJ-Kachchh 370001